# વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની સરકારી છાત્રાલયોમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓના પ્રવેશ માટે અરજી કરવા માટેની

## STANDARD OPERATING PROCEDURE (SOP)

❖ વિકસતી જાતિના વિદ્યાર્થીઓમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા વિકસતી જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલય કાર્યરત કરવામાં આવેલ છે. જેમાં પ્રવેશ માટેની કાર્યપ્રણાલી (SOP) નીચે મુજબ છે.

1. આ યોજનાનો અમલ e-samajkalyan પોર્ટલ પરથી ઓનલાઈન કરવામાં આવશે.
2. નિયામક, વિકસતી જાતિ કલ્યાણ કચેરી, ગાંધીનગર દ્વારા નવુ શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલા દૈનિક વર્તમાનપત્રોમાં પ્રવેશ અંગેની જાહેરાત પ્રસિદ્ધ કરવાની રહેશે.
3. ONLINE પ્રવેશ અંગેની અરજીની જાહેરાતમાં ઓનલાઈન અરજી મેળવવાની શરૂ કર્યા તારીખ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ, સામાન્ય સુચનાઓ, સરકારી છાત્રાલયોના સ્થળ તેમજ અરજી કરવા માટેની લિંક દર્શાવવાની રહેશે.
4. રીન્યુઅલ તથા ફ્રેશ અરજદારશ્રીએ ONLINE અરજીઓ કરવાની રહેશે.
5. અરજદાર સૌપ્રથમ e-samajkalyan પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરી ID નંબર અને પાસવર્ડ મેળવવાના રહેશે.
6. અરજદારએ ID નંબર અને પાસવર્ડના આધારે લોગઈન થઈ યોજના સીલેક્ટ કરી તેના અરજી પત્રકો ભરવાના રહેશે તથા જરૂરી આધાર/પુરાવા અપલોડ કરી, અરજી પત્રકો સબમીટ કરવાના રહેશે. અરજદારને ઓનલાઈન અરજી કર્યા બાદ તે અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.
7. અરજદારએ કરેલ ઓનલાઈન અરજીમાં કોઈ પણ પ્રકારની ક્ષતિ જણાય તો નિયત થયેલ સમયમર્યાદામાં પોતાના ID અને પાસવર્ડ દ્વારા ઓનલાઈન સુધારા-વધારા કરી શકશે. અરજદારએ સુધારા-વધારા કરેલ અરજીની પુન: પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.
8. અરજદારને અરજી સફળતાપુર્વક ઓનલાઈન સ્વીકાર્યા અંગે તેમજ અરજદારને મેરીટ, ઉપલબ્ધ જગ્યા તેમજ પ્રવેશના નિયમોના આધારે પ્રવેશ આપવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
9. ઓનલાઈન મળેલ અરજીઓના આધારે નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર સરકારશ્રીએ નક્કી કરેલ પ્રવેશના નિયમો મુજબ પોર્ટલ પર ઓનલાઈન મેરીટ લિસ્ટ પ્રસિદ્ધ કરશે. તેમજ કુલ માન્ય સંખ્યાના ૨૦% મુજબ પ્રતિક્ષા યાદી રાખવાની રહેશે.

10. જે વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓનો સમાવેશ મેરીટ લિસ્ટમાં થયેલ હોય તેઓને સબંધિત સરકારી છાત્રાલય ખાતે દિન-૧૦ માં ઓનલાઈન કરેલ અરજીની નકલ તથા પોતાના અસલ પ્રમાણપત્રો સાથે હાજર થવાનું રહેશે. જે અંગેની જાણ સિસ્ટમ દ્વારા છાત્રોને SMS અથવા E-Mail મારફત કરવામાં આવશે.

11. સરકારી છાત્રાલયોના મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રીએ હાજર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓના અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરાવવાની રહેશે. પ્રમાણપત્રોની ચકાસણીના આધારે છાત્રોને મેરીટ પ્રસિદ્ધ થયાના દિન-૧૦ માં Confirm/Not Confirm કરવાના રહેશે. જે અંગેની જાણ સિસ્ટમ દ્વારા છાત્રોને SMS અથવા Email મારફત કરવામાં આવશે.

12. સંબધિત જિલ્લા નાયબ નિયામકશ્રી, (વિ.જા.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (વિ.જા.) દ્વારા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓના અસલ દસ્તાવેજોની ચકાસણી કરી ત્યારબાદ પ્રવેશ નિયત કરવાના રહેશે. તેમજ આ અંગે ઉપસ્થિત થયેલ પ્રશ્નો બાબતે નિર્ણય કરવાનો રહેશે.

13. મેરીટ પ્રમાણે પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેલ જગ્યાઓ માટે પ્રતિક્ષા યાદી માંથી જિલ્લા અધિકારીશ્રીએ પ્રમાણપત્રોની ખરાઈ કરી ખાલી જગ્યાઓ, પ્રવેશના નિયમોનુસાર મેરીટના ધોરણે ભરવાની રહેશે.

14. આ પ્રકિયાના અમલીકરણમાં કોઇ મુશ્કેલી જણાય તો તે અંગેની રજૂઆત સબંધિત સરકારી છાત્રાલયના મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીને કરી શકાશે અને સબંધિત મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી તેમજ જિલ્લા કક્ષાની છાત્રાલય પ્રવેશ સમિતિએ તે રજૂઆતની સત્યતા ચકાસી તેનો ઉકેલ લાવવાનો રહેશે. તેમજ જરૂર જણાય ત્યાં આવી બાબતો જિલ્લા નાયબ નિયામકશ્રી, (વિ.જા.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (વિ.જા.)ના સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સાથે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણને રજૂ કરવાની રહેશે.

15. આ અંગે વધુ માહિતી મેળવવા માટે અરજદારે www.esamajkalyan.gujarat.gov.in ની મુલાકાત લેવાની રહેશે.

( એન્.એ.નિનામા IAS )
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર